તા. ૦૮. ૦૬. ૨૦૨૫

દિવ્ય ભાસ્કર, પાના નં. ૨૦.

અમદાવાદ-ગાંધીનગર સહિત દેશમાં 35 સ્થળે આ રીતે ચોરી કરી

# ઝાડ પર ચઢીને મેટ્રોના કેબલ લાંબા કટરથી કાપી ચોરી કરતી ગેંગ પકડાઈ

## CCTV પરથી કડી મળી, ભાડાંની કારમાં આવી સ્થળની રેકી કરતા હતા

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદ અને ગાંધીનગરમાં તાજેતરમાં થયેલા મેટ્રોના કેબલની ચોરીનો ભેદ ખૂલ્યો છે. ગાંધીનગર પોલીસે ગેંગના 4 સભ્યોની ધરપકડ કરી છે. જ્યારે 7 વોન્ટેડ છે. અમદાવાદમાં શાહપુર પાસે અને ગાંધીનગરમાં કોબા સ્ટેશન પર કેબલની ચોરીથી મેટ્રો અધવચ્ચે અટકી પડી હતી.

આરોપીઓ અલગ અલગ ગાડીમાં જઈ મેટ્રો સ્ટેશનની નજીકની હોટલમાં રોકાણ કરતા હતા એ પછી ભાડેથી કાર લઈ રેકી કરતા હતા. ચોરી માટેનું સ્થળ નક્કી થઈ જાય એટલે દીવાલના ટેકે કે ઝાડ પર ચઢી લાંબા કટરથી મેટ્રોના કેબલ કાપી નાખતા અને ચોરીના કેબલ ભાડાંના મકાનમાં સંતાડી ઉપરનું રબરનું લેયર કાઢી નાખી તાંબાના વાયર છૂટ પાડી પેક કરી દિલ્હી મોકલતા હતા.

ઝડપાયેલા આરોપીમાં મુશરફ મુલેજાટ, રાશિદ ધોબી, રાશિદ અન્સારી અને ઈરશાદ મલિકનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં મેટ્રોના કેબલની ચોરી થયા પછી પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતાં બે શંકાસ્પદ વાહન નજરે ચઢ્યા હતા. વાહન માલિકની પૂછપરછમાંથી આરોપીઓની ઓળખ મળી હતી. ગેંગે અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત દિલ્હી, મહારાષ્ટ્રમાં ચોરી કરી હતી.



### કેબલ કલોલમાં ભાડાના મકાનમાં સંતાડાયા હતા

કેબલની ચોરી કરતી ગેંગે કલોલમાં એક મકાન ભાડે રાખ્યું હતું અને ચોરીનો મુદ્દામાલ ત્યાં છુપાવવામાં આવ્યો હતો. બાતમીને આધારે પોલીસે આ ઘર પર દરોડો પાડી ચારને ઝડપી લીધા હતા. તેમની પાસેથી બે કાર અને ચોરી કરેલા કેબલ મળી આવ્યા હતા. પૂછપરછમાં તેમણે ગુનામાં બીજા 7 આરોપી હોવાનું કબૂલ્યું હતું.